ચેઈન સ્નેચર્સ બિન્દાસ્ત બનીને પોલીસને લપડાક ઝીંકી રહ્યા છે...!

‘બહેન, દોરો લાવો’ કહેનાર શખ્સને મહિલાએ સેન્ડલ કાઢીને ભગાડયો...! : સે-૭માં બનેલી આ ઘટના બાદ ભાગેલા ચેઈન સ્નેચરે ખ-૬ હાથ અજમાવ્યો : એક પખવાડીયામાં આઠ કિસ્સા

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરમાં ચેઈન સ્નેચર્સ રીતસરનો ફફડાટ ફેલાવી રહ્યા છે. શહેરની મહિલાઓ અને ખાસ કરીને વૃદ્ધાઓને ચેઈન સ્નેચર્સ વધુ નિશાન બનાવતા હોવાથી તેઓ પણ હવે તો ઘરની બહાર નીકળતા દસ વિચાર કરતાં થઈ ગયા છે. ગઈ સાંજે બનેલા એક કિસ્સાથી ચેઈન સ્નેચર્સની હિંમત માપી શકાય છે. એક મહિલાની સામે આવીને ઉભો રહી ગયો અને ચેઈન સ્નેચર બોલ્યો ‘બહેન, દોરો લાવો’. મહિલાએ સામે આવી જ વળતી હિંમતથી જવાબ આપવા પગમાંથી સેન્ડલ કાઢયું અને સે-૭માંથી બાઈક પર બંને ચેઈન સ્નેચર્સ ભાગ્યા હતાં. એક પખવાડિયામાં ચેઈન સ્નેચીંગના આઠ કિસ્સાઓ બન્યા છે પરંતુ પોલીસ એક પણ ચેઈન સ્નેચર્સને પકડી શકી નથી.

એક પખવાડિયામાં બનેલા આઠેય ચેઈન સ્નેચીંગના કિસ્સાઓમાં મોડસ ઓપરેન્ડી સરખી છે. કાળા રંગના પલ્સર બાઈક પર આવતા બે યુવાન શખ્સો શહેરની મહિલાઓ અને વૃદ્ધાઓને ટાર્ગેટ બનાવીને દોરો ખેંચી પલ્સરમાં ફરાર થઈ જાય છે. એકલ દોકલ જતી મહિલા કે અશકત વૃદ્ધને નિશાન બનાવીને પલ્સર પર આવતા બે શખ્સો તેમની નજીક જાય છે એક શખ્સ પલ્સર ચાલુ રાખીને ઉભો રહે છે જયારે પાછળ બેઠેલો શખ્સ બાઈક પરથી ઉતરીને શિકાર પાસે ધીમેથી જઈને ગળામાંઢી દોરો કે મંગળસુત્ર જે હાથમાં આવ્યું તે ખેંચી લે છે. મહિલા બુમો પાડે તેટલા સમયમાં તો બાઈક ચાલુ રાખીને ઉભેલો શખ્સ સાગરીતને બેસાડીને છુમંતર થઈ જાય છે. આ મોડસ ઓપરેન્ડીથી જ ચેઈન સ્નેચીંગના કિસ્સાઓ બને છે. પરંતુ પોલીસ તેમને પકડી શકી નથી. પોલીસને વારંવાર થાપ આપીને ભાગી જતાં ચેઈન સ્નેચર્સ હવે બિન્દાસ્ત બની ગયા છે જાણે તેમને પોલીસનો ડર જ રહ્યો નથી. ગઈ કાલે સાંજે સે-૭ના માર્ગ પરથી ચાલતી જતી એક મહિલાની સામે ચેઈન સ્નેચર ઉભો રહી ગયો અને સ્નેજ પણ ડર કે સંકોચ રાખ્યા વર બોલ્યો કે ‘બહેન, દોરો લાવો...’ મહિલા હિંમતવાન નીકળી અને ડર્યા વગર ‘ઉભો રે.. તને દોરો આપું..’ કહીને પગમાંથી સેન્ડલ કાઢયા..! ચેઈન સ્નેચર બીજા શખ્સના પલ્સર પાછળ ફટાફટ બેસી ગયો અને બંને ભાગી ગયા હતાં તે જ બાઈક લઈને બંને શખ્સો ખ-૬ પાસે પહોંચી ગયા હતા અને ચાલતી જતી એક મહિલાના ગળામાંથી દોરો આંચકી ફરાર થઈ ગયા હતાં. હવે જિલ્લા પોલીસ માત્ર કાગળ પરના એકશન પ્લાન કર્યા વિના ખરેખર ચેઈન સ્નેચર્સને પકડી પાડશે ત્યારે ગાંધીનગરની મહિલાઓનો ડર દુર થશે...!

ઓલ ઈન્ડિયા પોસ્ટલ વોલિબોલ ટુર્નામેન્ટનો ૨૭મીથી પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૫

મુખ્ય પોસ્ટ માસ્ટર જનરલ અને ગુજરાત સર્કલ ડાક ખેલકૂદ બોર્ડ દ્વારા ૨૮મી અખિલ ભારતીય ડાક વોલિબોલ પ્રતિયોગિતા સેક્ટર-૧૫, ગાંધીનગર ખાતે આયોજીત થઈ રહી છે. જેનો ઉદ્‌ઘાટન સમારોહ ૨૭મીએ યોજાશે.

૨૮મી અખિલ ભારતીય ડાક વોલીબોલ ટુર્નામેન્ટનો ઉદ્‌ઘાટન સમારોહ ૨૭મી ઓગષ્ટ-૨૦૧૩ને સવારે ૯.૩૦ કલાકે ગુજરાત ખેલ પ્રાધિકરણના મહાનિર્દેશક અને આઈ.એ.એસ. સંદિપ પ્રધાનના મુખ્ય મહેમાન પદે યોજાશે. જ્યારે ૩૦મી ઓગષ્ટ-૨૦૧૩ના રોજ સાંજે ૪ કલાકે સમાપન સમારોહ કુટ્ટી કૃષ્ણન, વરિષ્ઠ વોલિબોલ ખેલાડી અને અર્જૂન એવોર્ડ વિજેતાના મુખ્ય મહેમાન પદે યોજાશે.

સમસ્ત બ્રહ્મસમાજ ટેલેન્ટ ઈવનીંગ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૫

સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. મહોત્સવ અંતર્ગત ડાન્સ, ગીતોનો ‘ટેલેન્ટ ઈવનીંગ-૨૦૧૩’ કાર્યક્રમ યોજાશે. જેમાં ભાગ લેવા ઈચ્છતા બાળકોને નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ગણેશ મહોત્સવ અંતર્ગત ટેલેન્ટ ઈવનીંગ કાર્યક્રમમાં જોડાવા માટે બ્રહ્મસમાજના પરિવાર-બાળકોને નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. ભાગ લેવા ઈચ્છતા બાળકોએ ફોર્મ બ્રહ્મભવન કાર્યાલય, સેક્ટર-૧૬, ગાંધીનગર ખાતેથી તા. ૨૬મી ઓગષ્ટથી ૩૦મી ઓગષ્ટ સુધી મેળવી લેવુ અને કાર્યાલય ખાતે જમા કરાવી દેવુ. આ અંગેની જરૂરી વિગતો સી.એલ. મહેતા મો. નં. ૯૪૨૬૦ ૦૯૬૪૯ અથવા મુંજાલ રાવલ મો. નં. ૯૮૭૯૨૭૮૨૯૫ કે જયશ્રી ખેતીયા મો. નં. ૯૩૭૪૮૦૫૯૪૮ પર સંપર્ક કરવાથી મળી શકશે એમ પ્રમુખ પિનાકીન રાવલે જણાવ્યુ છે.

એક જ કલાકમાં બબ્બે સીએનજી ગાડીઓ સળગી ઉઠી

કુડાસણ પાસે એસ્ટીમ અને ઉવારસદ રોડ પર સ્વીફટ ગાડી બળીને ખાખ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરને અડીને આવેલા કુડાસણ ગામ પાસે અને ઉવારસદ રોડ પર બબ્બે સ્થળોએ સીએનજી કાર સળગી ઉઠવાના કિસ્સાઓ બનવા પામ્યા છે. મારુતિ સ્વીફટ અને મારુતી એસ્ટીમ ગાડી અચાનક સળગી ઉઠી હતી અને બળીને ખાખ થઈ ગઈ હતી. એક જ કલાકના સમયગાળામાં ઉપરોકત બંને ઘટનાઓ બનવા પામી હતી. જો કે સદનસીબે બંનેમાંથી એક પણ કિસ્સામાં મોટી ઈજાઓ કે જાનહાની થવા પામી નથી.

નડિયાદથી મારુતિ સ્વીફટ ગાડી પર એક પરિવાર ઉવારસદ રોડ થઈને ભરતપુર જઈ રહ્યું હતું. અચાનક ઉવારસદ ડેન્ટલ કોલેજ સામે કાંઈક બળવાની દુર્ગંધ આવતા કાર ચાલકે કાર ઉભી કરી પરિવારના સભ્યોને ગાડીમાંથી ઉતારી દીધા હતાં. પાંચ જ મિનિટમાં ધુમાડા નીકળવા લાગ્યા અને સ્વીફટ ગાડી સળગીને ખાખ થઈ ગઈ હતી. તો બીજી તરફ સવા બે વાગ્યાના અરસામાં સે-૨૨માં રહેતા કિશનભાઈ ત્રિવેદી તેમની એસ્ટીમ ગાડી લઈને કુડાસણ રોડ પર કાનમ રેસીડેન્સીની સાઈટ પર ગયા હતાં. ત્યાંથી પરત ફરતી વખતે તેમને એસ્ટીમ ગાડીને ચાલુ કરવા સેલ માર્યો અને સ્પાર્ક સાથે આગ ભભુકી ઉઠી હતી. ફાયરબ્રિગેડને જાણ થતા ગાંધીનગર ફાયરની ટીમ પહોંચી ગઈ હતી જો કે ત્યાં સુધીમાં કાર બળી ગઈ હતી. સદભાગ્યે બંને કિસ્સામાં કોઈને ઈજાઓ કે જાનહાની થવા પામી નથી.

(તસવીર : વિપુલ ચૌહાણ)

સે. ૨૧ શાકમાર્કેટમાં દબાણો દૂર કરવા માગણી

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરની સેક્ટર-૨૧ની મુખ્ય શાકમાર્કેટમાં મોટી સંખ્યામાં લોકો મુલાકાત લે છે. શાકમાર્કેટની આજુબાજુ પ્રવેશ દ્વારા પાસે રસ્તા પર ફુટપાથ પર અસંખ્ય દબાણો થયા છે. પરિણામે શાકભાજી ખરીદી કરવા આવતા ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. બપોરે સામે અંદર ઢોરનો સામનો કરવા પડે છે. દબાણથી ગંદકી સર્જાઈ છે. શાકમાર્કેટના દબાણ ન થાય તેમને ખાસ સીક્યુરીટીની નિમણુંક કરવાની જરૂર છે. ફરજ પરના અધિકારીનું નામ, સંપર્ક કરવા માટેનો ફોન નં. ફરજ સમયનું બોર્ડ લગાવવાની માંગણી થઈ છે. ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદના મહામંત્રી નિરંજનભાઈ ઓઝાએ કમિશ્નરને રજૂઆત કરેલ છે.

ન્યુ ગાંધીનગર વિકાસ મંડળ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેરના વિકાસને લઈ તેમજ ગાંધીનગર શહેરની અંદર જ વિકસતુ ન્યુ ગાંધીનગરમાં રહેતા વસાહતીઓના વિવિધ પ્રશ્નોને લઈ તેમની વાત યોગ્ય જગ્યાએ રજુ કરવા માટે ‘ન્યુ ગાંધીનગર વિકાસ મંડળ’ની રચના થઈ એના અનુલક્ષીને મંડળનો પ્રથમ કાર્યક્રમ ‘સ્વામીનારાયણ ધામ’ કુડાસણ ખાતે ચોમાસાની સિઝનને અનુરૂપ વૃક્ષારોપણનો કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ન્યુ ગાંધીનગર વિકાસ મંડળ દ્વારા આયોજીત કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર મહેન્દ્રસિંહ રાણા, નાયબ વન સંરક્ષક વનવિભાગ, ગાંધીનગરના ભાવિનભાઈ વ્યાસ, ગાંધીનગર શહેર વસાહત મંડળના પ્રમુખ અરૂણભાઈ બુચ, શહેર વસાહત મંડળના ઉપપ્રમુખ, મેહુલભાઈ વ્યાસ તેમજ સ્વામિનારાયણધામના સંતોશ્રી, નિલેષ સ્વામી, ભવ્યસ્વામી, નિલયસ્વામી, અદ્‌ભુત સ્વામી તેમજ આસપાસની વસાહતના વસાહતીઓ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. આ મંડળ દ્વારા વિવિધ વસાહતમાં અંદાજીત ૨૦૦૦ વૃક્ષોનું વિતરણ તેમજ સ્વામિનારાયણધામ ખાતે પણ વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આવેલ સર્વેમહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત મંડળના પ્રમુખ વાસુદેવ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ ઉપપ્રમુખ જવાહર ઉપાધ્યાય દ્વારા આવેલ મહેમાનોનું સ્વાગત તેમજ અંતે આભારવિધિ કરવામાં આવી હતી.

ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદની સફાઈ માટે રજૂઆત

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેર રચના સમયે આ શહેર ફકત સરકારી કચેરીઓ સરકારી મકાનોનું શહેર હતું. ગાંધીનગરમાં વાણિયા, વેપારીની સાથે ખાનગી આવસો અને ગૃહમંડળીઓ વધતા જૂના સેકટરોબાદ નવા સેકટરોમાં કર્મચારીઓને જમીન ફાળવતા શહેરી વસ્તી અને વિસ્તાર વધ્યા છે. વિસ્તાર વધવાની સાથે સ્વચ્છતા વ્યવસ્થા સુધરી નથી. સેકટરોમાં સફાઈનું કામ તળિયે ગયું છે.

કોઈપણ નગરપાલિકાની પ્રાથમિક ફરજ સફાઈની પ્રથમ છે. રખડતાં ઢોર, કૂતરાઓનો ત્રાસ દૂર કરવાનો રહે છે. કોમન પ્લોટો વન વિસ્તારો સફાઈ વિનાના થઈ ગયા છે. શહેરના પ્રતિનિધિઓ આ તરફ ધ્યાન આપતા નથી. સેનેટરી અધિકારીને મુલાકાત આપવાની સુચના છતાં અમલ થતો નથી.

જાન્યુઆરી-૧૨માં મેયરની સાથે અગ્રગણ્ય સંસ્થાઓના પદાધિકારીઓ સફાઈ સ્વચ્છતા માટે મીટીંગ કરેલ હતી. જેનું પરિણામ શૂન્ય આવેલ છે.

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદે આ અંગે ઉગ્ર રજૂઆત કરેલ છે. મહામંત્રી નિરંજનભાઈ ઓઝાએ જણાવેલ છે.

લેઉઆ પાટીદાર આદર્શ કેળવણી મંડળ દ્વારા વિદ્યાર્થીઓને વિદ્યારત્ન એનાયત

(તસવીર : નિકેશ બ્રહ્મભટ્ટ)

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર સ્થિત વિઠ્ઠલભાઈ દેસાઈભાઈ છાત્રાલય ખાતે શ્રી લેઉઆ પાટીદાર આદર્શ કેળવણી મંડળ દ્વારા સમાજના તેજસ્વી તારલાઓને સન્માનીત કરવાનો કાર્યક્રમ ગત રોજ સંપન્ન થયો હતો.

દશગામ લેઉઆ પાટીદાર સમાજની ભગીની સંસ્થા લેઉઆ પાટીદાર આદર્શ કેળવણી મંડળ દ્વારા સમાજમાં રહેલી પ્રતિભાને ઉજાગર કરી સમાજના માધ્યમથી સન્માનીત કરવાના નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સમાજના ૭૦ થી વધુ વિદ્યાર્થીઓ જેઓએ એસ.એસ.સી. થઈ લઈ પી.એચ.ડી.ની ડીગ્રી સુધીના વિદ્યાર્થીઓને સમાજના વિવિધ અગ્રણીઓ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સમાજના ઉનાવા ગામના તેમજ પૂર્વ વાલી મંડળના પ્રમુખ તેમજ પૂર્વ મેમનગર ગામના સરપંચ એસ.આઈ. પટેલ, પૂખરાજ હોસ્પિટલના ટ્રસ્ટી નારણભાઈ પટેલ, જે.એસ. પટેલ, ઝુંડાલ ગામના તેમજ દશ ગામ લેઉઆ પાટીદાર સમુહલગ્ન સંસ્થાના પ્રમુખ પશાભાઈ પટેલ, પોર ગામના હાલ ગાંધીનગર એવા ગાંધીનગર નાગરીક બેન્કના પૂર્વ ચેરમેન અને વર્તમાન ડીરેક્ટર વિક્રમભાઈ કે. પટેલ, ધમાસણા ગામના લાલભાઈ શંકરભાઈ પટેલ તેમજ સમાજના ઉનાવા ગામના મનુભાઈ હરિભાઈ પટેલ, પશાભાઈ પટેલ (દાસકાકા) તેમજ સમૂહ લગ્ન સંસ્થાના પૂર્વ મંત્રી એલ.એસ. પટેલ તેમજ લેઉઆ પાટીદાર કેળવણી મંડળના મંત્રી હરીભાઈ પટેલ દ્વારા ખાસ હાજરી આપવામાં આવી હતી. તેમજ આવેલ સર્વેમહેમાનો દ્વારા વિદ્યાર્થીઓ સમાજ માટે કાંઈક કરી શકે તે માટે પ્રેરક ઉદ્‌બોધન કર્યુ હતુ અને વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

જે.સી.આઈ. મહિલા પાંખ દ્વારા ઈન્ટ્રોડકશન એરોબીકસ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૫

જે.સી.આઈ. ગાંધીનગરની મહિલા પાંખ જે.સી.આર.ટી. દ્વારા તાજેતરમાં વિદ્યાભારતી સેક્ટર-૨૨ ખાતે ‘ઈન્ટ્રોડકશન ઓફ એરોબીકસ’ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં બહેનોએ ભાગ લીધો હતો.

ઈન્ટ્રોડકશન ઓફ એરોબીકસના કાર્યક્રમમાં ઉપસ્થિત એરોબીકસના નિષ્ણાંત કુ. વૈદેહી એ એરોબીકસની અલગ અલગ પદ્ધતિઓ અને તેનાથી થતા ફાયદાઓ વિશે સમજણ આપી હતી. જેમાં વજન ઘટવુ, રોગ પ્રતિકારક શક્તિ વધવી, શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય સારૂ રહેવુ, હૃદય સંબંધી તકલીફ સામે રક્ષણ મળવુ તેમજ પ્રેક્ટીકલ પાઠ પણ શીખવાડયા હતા. આ પ્રસંગે જે.સી.આર.ટી. ચેરપર્સન ભૂમિકા નિર્મલ, મિતાલી ત્રિવેદી, ફાલ્ગુની ભાવસાર, લત્તા શુકલ, પરાગી ગાંધી, થરા વૈષ્ણવ અને ભૂમિ ગંગવાની સહિત સંસ્થાની મહિલાઓ ઉપરાંત અન્ય બહેનો મોટી સંખ્યામાં હાજર રહી હતી.

આનંદના ગરબાનું આયોજન

ગાંધીનગર, તા. ૨૫

શ્રી અંબિકા દેવસ્થાન ચેરીટેબલ ટ્રસ્ટ બાસણ તરફથી તા. ૨૭મી ઓગષ્ટ-૨૦૧૩ને મંગળવારે શીતળા સાતમ નિમિત્તે સવારે ૧૧.૩૦ થી ૩ કલાક દરમિયાન બાસણ અંબાજી માતાના મંદિરે ભાવનાબેન પટેલ દ્વારા આનંદના ગરબા યોજાશે. આનંદના ગરબાનો લાભ લેવા અંબિકા દેવસ્થાન ચેરીટેબલ ટ્રસ્ટે ભક્તજનોને ખાસ નિમંત્રણ પાઠવ્યું છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૯
સૂર્યાસ્ત : ૬.૫૮

તાપમાન

મહત્તમ : ૨૯.૨ ડિ.સે.
લઘુત્તમ : ૨૪.૮ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૯૨ ટકા ● સાંજે ૮૮ ટકા
વરસાદ ૫ મી.મી.

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
વન્સ અપૉન એ ટાઈમ ઈન મુંબઈ: ૧૦.૦૦, ૩.૪૫, ૯.૫૫
ટીનેઝર ગેંગ (ગુજરાતી): ૬.૪૫

: સ્ક્રીન-૨ :
મદ્રાસ કાફે: ૯.૩૦, ૧૨.૧૫, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

: સ્ક્રીન-૩ :
વન્સ અપૉન એ ટાઈમ ઈન મુંબઈ : ૧.૩૫
મદ્રાસ કાફે: ૧૦.૫૦, ૪.૪૫, ૭.૩૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૪ :
ચેન્નાઈ એક્સપ્રેસ : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

સૂર્યા, વાવોલ

વન્સ અપૉન એ ટાઈમ ઈન મુંબઈ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
વોન્ટેડ ચાઈલ્ડ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
મદ્રાસ કાફે : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
ધ લાઈટ સ્વામી વિવેકાનંદ : ૧૦.૦૦, ૩.૦૦, ૫.૩૦
ટીનેઝર ગેંગ (ગુજરાતી) : ૧૨.૩૦, ૮.૦૦

: સ્ક્રીન-૩ :
વન્સ અપૉન એ ટાઈમ ઈન મુંબઈ : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
ચેન્નાઈ એક્ષપ્રેસ : ૧.૧૫, ૭.૧૫

વિરાગ, કલોલ

મા બાપના આશીર્વાદ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ટાઉન હોલ

- કલ્ચરલ ફોરમ ગાંધીનગર દ્વારા રાત્રે ૯.૩૦ કલાકે ‘દીકરો મારો લાજવાબ’ નામક નાટક.

ધાર્મિક

- શ્રી શિવ-શક્તિ મહિમ્ન સ્ત્રોત મંડળ સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિતે જયેશભાઈ આચાર્યના નિવાસ સ્થાન ૩૮૫/એ-૩, ચર્ચની સામે નવરાત્રી ચોક પાસે શિવ મહિમ્ન પાઠ તથા સ્તુતિ વંદના.
- શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિતે રાતના ૯.૦૦ કલાકે ફાલ્ગુનભાઈ ત્રિવેદીના નિવાસ સ્થાન ૬, વિરાટનગર ખાતે શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના.
- વિસનગરા નાગર પરિવાર ગાંધીનગર દ્વારા ડૉ. મહેન્દ્રભાઈ દવેના નિવાસ સ્થાન ૩, સાંકેત ફલેટ, સેકટર-૨૧ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે શિવ મહિમ્ન પાઠ તથા સ્તુતિ વંદના.

આપની આજ

મેષ : આર્થિક વિવાદોને ઉકેલવામાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે. ધાર્મિકક્ષેત્રમાં વિશેષ યાત્રાની સંભાવના છે.

વૃષભ : નવી યોજનાઓની શરૂઆત થશે. સ્વયંના પ્રયાસોથી જ જનપ્રિયતા અને સામાજિક સન્માન મેળવી શકશો. વરિષ્ઠ વ્યક્તિઓના વિવાદથી બચવું. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

મિથુન : કુટુંબ-વ્યાપાર સંબંધી કાર્યોમાં ભાગ્યવર્ધક યાત્રાઓનો યોગ. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે.

કર્ક : આર્થિક સંતોષ રહેશે. કામની ગતિ અનુકૂળ રહેશે. નોકરી-વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

સિંહ : કાર્ય સ્થિતિઓ અનુકૂળ રહેવાની સંભાવના છે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

કન્યા : કાર્યની ગતિ ઉત્તમ રહેશે. ધન-સંપત્તિનાં મામલા ઉકેલાશે. સંત સમાગમ થશે. કુટુંબમાં માંગલિક કાર્યોની ચર્ચા થશે. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો.

તુલા : જૂના સંબંધોમાં યશની વૃદ્ધિ થશે. જીવનસાથી સાથે વ્યવહારમાં અનુકૂળતા રહેશે. કુટુંબમાં વેપાર અથવા નોકરીને કારણે અસંતોષ રહી શકે છે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય.

વૃશ્ચિક : વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે.

ધન : મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

મકર : લંબિત સામાજિક પ્રકરણ સમાપ્ત થશે. અર્થને લગતી સમસ્યાઓ પર વિશેષ ચિંતન યોગ. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે.

કુંભ : પરિવાર, વેપારની બૌદ્ધિક સમસ્યાઓનો વિવેકપૂર્ણ ઉકેલ કરવો. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

મીન : સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર-વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને.

ચિરવિદાય

- સ્વ. ચતુરબેન બબાજી ઠાકોર (ઉ.વ.૬૦) મુ.પો. વાસણિયા મહાદેવ, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. જવાનજી ધોળાજી ઠાકોર (ઉ.વ.૭૫) મુ.પો. ધોળાકુવા, તા.માણસા, જિ. ગાંધીનગર.
- સ્વ. ઈન્દિરાબેન અંબાલાલ દરજી (ઉ.વ.૮૦) પ્લોટ નં. ૭૦૨/૨, સેકટર-૫/બી, ગાંધીનગર.